| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૦ | ૦૫ | ૨૦૨૬ |
| રજીસ્ટર તારીખ | ૨૦ | ૦૫ | ૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૦૨ | ૦૬ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**પોરબંદરના મ્હે. ડીસ્ટ્રીકટ અને સેશન્સ જજ સાહેબની કોર્ટમાં.**

.....................................................................

ફો.પ.અ.નં.૨૩૧/૨૦૨૬

**સુખાભાઇ જગશીભાઇ માલકીયા**
ઉ.વ.આ. ૩૨, ધંધો: ખેતી,
રહે. છાસીયા,
તા.જી.રાજકોટ..................................................અરજદાર.

**વિરૂધ્ધ**

**શ્રી સરકાર,**
નોટીસ થ્રુ પી.પી.,
પોરબંદર..................................................સામાવાળા

**બાબત:– પોરબંદર જીલ્લાના બગવદર પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ–એ ૧૧૨૧૮૦૦૩૨૬૦૨૬૧/૨૦૨૬, આઇ. પી. સી.ની કલમ ૪૦૬, ૪૨૦, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી) તથા ૧૧૪ મુજબના ગુનાના કામે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૨ હેઠળ આગોતરા જામીન માટેની અરજી.**

.....................................................................

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી વિ. જી. પરમાર
સામાવાળા તરફે વિ.એ.પી.પી. શ્રી એ.જે. લીલા

.....................................................................

**–:: <u>ઠ રા વ</u> ::–**

(૧) અરજદાર/આરોપીનાએ તેઓ સામે નોંધાયેલ પોરબંદર જીલ્લાના બગવદર પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ–એ ૧૧૨૧૮૦૦૩૨૬૦૨૬૧/૨૦૨૬, આઇ. પી. સી.ની કલમ ૪૦૬, ૪૨૦, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી) તથા

૧૧૪ મુજબના ગુનાના કામે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૨ હેઠળ આગોતરા જામીન મેળવવા માટે અરજી કરેલ છે.

(૨) ગુનાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ અગાઉથી પુર્વ આયોજીત કાવતરું રચી ફરીયાદીના ખેતરની બાજુમાં રહેલ સરકારશ્રીની આઠ વિઘા જમીન ફરીયાદીના નામે કરાવવાની ખાત્રી આપી જમીનની માપણી કરી ફરીયાદી પાસેથી રૂા. ૮,૫૦,૦૦૦/– તથા સ્વરક્ષણ હથીયાર લાયસન્સ કાઢવી આપવાનું કહી રૂા. ૨,૫૦,૦૦૦/– તથા અન્ય રૂા. ૩,૫૦,૦૦૦/– મળી કુલ રૂા. ૧૪,૫૦,૦૦૦/– છેતરપીંડીથી મેળવી તેમજ આરોપીઓએ ફરીયાદમાં જણાવ્યા મુજબના અન્ય સાહેદો પાસેથી સરકારશ્રીની જમીન તેઓના નામે કરાવવા તથા સ્વરક્ષણ હથીયાર કાઢી આપવાની ખાતરી આપી વિશ્વાસમાં લઇ કુલ રૂા. ૨,૨૧,૩૨,૩૦૦/– મળી ફરીયાદી તથા સાહેદોના મળી કુલ રૂા. ૨,૩૫,૮૨,૩૦૦/– ઓળવી લઇ ફરીયાદી તથા સાહેદોને ખોટો વિશ્વાસ અપાવી પૈસા મેળવી છેતરપીંડી તથા વિશ્વાસઘાત કરી ગુનો કરેલાનો આક્ષેપ છે.

(૩) જામીન અરજી રજુ થતા સામાપક્ષે પ્રોશીકયુશનને નોટીસ કાઢતાં સરકારપક્ષે વિ.એ.પી.પી.શ્રી એ.જે. લીલા હાજર રહેલ અને આંક–૦૫ થી ત.ક.અમલદારનું સોગંદનામું રજુ કરેલ.

(૪) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી વિ. જી. પરમારનાઓએ દલીલ કરી જણાવેલ છે કે, અરજદાર/આરોપી સામે પોરબંદર જીલ્લાના બગવદર પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ–એ ૧૧૨૧૮૦૦૩૨૬૦૨૬૧/૨૦૨૬, આઇ. પી. સી.ની કલમ ૪૦૬, ૪૨૦, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી) તથા ૧૧૪ મુજબનો ગુનો નોંધાયેલો છે અને અરજદારે આગોતરા જામીન પર મુકત થવા માટે હાલની આ અરજી કરેલ છે. અરજદાર/આરોપી સામે આક્ષેપિત ગુનામાં સજાની જોગવાઇ જોતાં મોત કે આજીવન કેદની સજાને પાત્ર ગુનાના કોઇ આક્ષેપ નથી. એફ.આઇ.આર. વંચાણે લેસતાં મુખ્ય આરોપી તરીકે આવડાભાઇ દુદાભાઇ ખુંટી હોય તથા કાંતી ગોરધનભાઇ મકવાણા કે જેઓનો એફ.આઇ.આર. જોતાં સકી્ય રોલ છે અને તેઓને રેગ્યુલર જામીન પર મુકત

કરવામાં આવેલા છે. અરજદાર/આરોપી પાસેથી કોઇ રીકવરી કે ડીસ્કવરી કરવાની રહેતી નથી. આ ગુનાના અન્ય આરોપી રસીક ધનાભાઇ માલકીયા તથા આરોપી કાંતી ગોરધનભાઈ મકવાણાને ફો.પ.અ.નં. ૨૧૩/૨૦૨૬ ના કામે તથા આરોપી આવડાભાઇ દુદાભાઇ ખુંટીને ફો.પ.અ.નં. ૨૧૪/૨૦૨૬ ના કામે રેગ્યુલર જામીન પર મુકત કરવામાં આવેલા છે. અરજદાર/આરોપી રાજકોટ જીલ્લાના છાસીયા ગામના સ્થાનીક રહીશ છે જેથી જામીન પર મુકત થયે કયાંય નાશી ભાગી જાય તેમ નથી. ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઇ અરજદાર/આરોપીને આગોતરા જામીન પર મુકત કરવા અરજ ગુજારેલ.

(૪.૧) અરજદારના વિ.વ.શ્રીએ તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ રાખેલ છે.

1. Criminal Miscellaneous No. 65700 of 2025, Mohammad Raja Vs. The State of Bihar.

2. 2012 (0) GLHEL-HC 226904, Bharatbhai Jayantilal Shah Vs. State of Gujarat.

ઉપરોકત ચુકાદાઓમાં પતિપાદીત કરેલ સિધ્ધાંતો આ જામીન અરજીનો નિર્ણય લેવા માટે ધ્યાને રાખેલ છે.

(૫) સરકારશ્રી તરફે વિ.પી.પી.શ્રી એસ. બી. જેઠવાનાઓએ ત.ક.અમલદારનાઓએ આંક-૦૫ થી રજુ કરેલ એફીડેવીટમાં દર્શાવેલ ગુનાની હકીકત તથા આરોપી વિરૂધ્ધની વિગતો ધ્યાનમાં લઇને એવી દલીલ કરી જણાવે છે કે, આ કામના અરજદાર/આરોપીએ ગુનાના મુખ્ય આરોપી રસીક માલકીયા સાથે મળી અગાઉથી રચાયેલ કાવતરામાં સક્રીય સહભાગી બની ફરીયાદી તથા સાહેદોને સરકારશ્રીની જમીન નામે કરાવી આપવાની પ્રક્રિયા વાસ્તવમાં ચાલી રહી હોવાનો વિશ્વાસ અપાવ્યો હતો. આરોપી દવારા સ્થળ ઉપર જમીનની ફરતે ફોન લઇ ફરી જમીન માપણીની સરકારી કાર્યવાહી ચાલી રહી હોવાનો ખોટો અહેસાસ ઉભો કરવામાં આવ્યો હતો. આરોપીએ અન્ય સહ આરોપીઓ સાથે સંકલન રાખી ફરીયાદી તથા સાહેદોને વિશ્વાસમાં લઇ પૈસા પડાવવામાં મદદરૂપ કામગીરી કરી હતી. આ રીતે અરજદાર/આરોપીએ સમગ્ર ગુનાહીત કાવતરામાં સહભાગી બની છેતરપીંડી તથા વિશ્વાસઘાતના ગુનામાં સક્રીય ભુમીકા ભજવેલ છે.

અરજદાર/આરોપીને તપાસના કામે હાજર રહેવા બી.એન.એસ.એસ.ની કલમ ૩૫(૩)(૬) મુજબની કુલ–૦૩ નોટીસો વોટસએપ મારફત મોકલી તપાસના કામે હાજર રહેવા જણાવેલ તેમ છતાં અરજદાર/આરોપીએ તપાસના કામે કોઇ સહકાર આપેલ નથી કે પોતાનો કોઇ લેખીત પ્રત્યુતર પણ પાઠવેલ નથી. જો અરજદાર/આરોપીને આગોતરા જામીન પર મુકત કરવામાં આવશે તો તેઓ દવારા પુરાવાઓ સાથે ચેડા કરવાની તથા સાક્ષીઓને પ્રભાવીત કરવાની અને તપાસમાં અવરોધ ઉભો કરવાની સંભાવના રહેલ છે. વધુમાં અરજદાર/આરોપીએ અન્ય સહ આરોપી સાથે મળી ફરીયાદી તથા સાહેદો સીવાય અન્ય કેટલા વ્યકિતઓને સરકારની જમીન નામે કરાવી આપવાનો વિશ્વાસ આપી પૈસા પડાવેલ છે તે બાબતે ઉંડાણપુર્વક પુછપરછ કરવા તેમજ પોતાને છેતરપીંડીની રકમમાંથી કેટલું કમીશન મેળવેલ છે તથા તે કમીશનમાંથી કોઇ સ્થાવર/જંગમ મિલકતની ખરીદી કરેલ છે કે કેમ ? ગુનામાં અન્ય કોઇ વ્યકિતની સંડોવણી છે કે કેમ ? તે અંગેની વિગતવારની પુછપરછ કરવા અરજદાર/આરોપીની કસ્ટોડીયલ વિગતવારની ઉંડાણપુર્વકની પુછપરછ કરવી જરુરી છે. આ ગુના કામે તપાસ હાલ ચાલુ છે અને જો અરજદાર/આરોપીને જામીન પર મુકત કરવામાં આવશે તો પુરાવાઓ સાથે ચેડા કરવાની તથા સાક્ષીઓને પ્રભાવીત કરવાની અને તપાસમાં અવરોધ ઉભો કરવાની સંભાવના રહેલ છે. તેથી આ જામીન અરજી નામંજુર કરવા જણાવેલ છે.

(૬) અરજદારની જામીન અરજી તથા તે સાથે રજુ કરેલ દસ્તાવેજો વંચાણે લીધા. ત.ક.અમલદારે રજુ કરેલ આંક–૦૫ નું એફીડેવીટ તથા પોલીસ પેપર્સ વંચાણે લીધા. અરજદાર/આરોપીના વિ.વ.શ્રી તથા વિ. એ.પી.પી.શ્રીની દલીલો સાંભળી.

(૭) આ કામે ઉપરોકત બંને પક્ષકારો તરફેની રજુઆતો તેમજ પોલીસ પેપર્સ અને તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વંચાણે લેતાં એ હકીકત સ્પષ્ટ થાય છે કે, હાલના અરજદાર/આરોપી વિરૂધ્ધ આઇ. પી. સી.ની કલમ ૪૦૬, ૪૨૦, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી) તથા ૧૧૪ મુજબના ગુનાનો આરોપ રહેલો છે. સમગ્ર રેકર્ડ અને પોલીસ પેપર્સ ઉપરથી

એ હકીકત ફલીત થાય છે કે, આ કામના આરોપીઓએ અગાઉથી પુર્વ આયોજીત કાવતરું રચી ફરીયાદીના ખેતરની બાજુમાં રહેલ સરકારશ્રીની આઠ વિઘા જમીન ફરીયાદીના નામે કરાવવાની ખાત્રી આપી જમીનની માપણી કરી ફરીયાદી પાસેથી રૂા. ૮,૫૦,૦૦૦/– તથા સ્વરક્ષણ હથીયાર લાયસન્સ કાઢવી આપવાનું કહી રૂા. ૨,૫૦,૦૦૦/– તથા અન્ય રૂા. ૩,૫૦,૦૦૦/– મળી કુલ રૂા. ૧૪,૫૦,૦૦૦/– છેતરપીંડીથી મેળવી તેમજ આરોપીઓએ ફરીયાદમાં જણાવ્યા મુજબના અન્ય સાહેદો પાસેથી સરકારશ્રીની જમીન તેઓના નામે કરાવવા તથા સ્વરક્ષણ હથીયાર કાઢી આપવાની ખાતરી આપી વિશ્વાસમાં લઇ કુલ રૂા. ૨,૨૧,૩૨,૩૦૦/– મળી ફરીયાદી તથા સાહેદોના મળી કુલ રૂા. ૨,૩૫,૮૨,૩૦૦/– ઓળવી લઇ ફરીયાદી તથા સાહેદોને ખોટો વિશ્વાસ અપાવી પૈસા મેળવી છેતરપીંડી તથા વિશ્વાસઘાત કરી ગુનો કરેલાનો આક્ષેપ છે.

(૮) ફરીયાદ, પોલીસ પેપર્સ તથા ત.અ.અમલદારનું સોગંદનામું વંચાણે લેતા આ કામના અરજદાર/આરોપીએ આ ગુનાના મુખ્ય આરોપી રસીક માલકીયા સાથે મળી અગાઉથી રચાયેલ કાવતરામાં સક્રીય સહભાગી બની ફરીયાદી તથા સાહેદોને સરકારશ્રીની જમીન નામે કરાવી આપવાની પ્રક્રિયા વાસ્તવમાં ચાલી રહી હોવાનો વિશ્વાસ અપાવ્યો હતો તેવો આક્ષેપ છે. હાલના અરજદાર/આરોપી દવારા સ્થળ ઉપર જમીનની ફરતે ફોન લઇ ફરી જમીન માપણીની સરકારી કાર્યવાહી ચાલી રહી હોવાનો ખોટો અહેસાસ ઉભો કરવામાં આવ્યો હતો તેવો આક્ષેપ છે. વધુમાં ફરીયાદ હકીકત જોતા હાલના અરજદારને ફરીયાદીએ માંપણી કરતા જોયેલ હોય તેવુ જણાતુ નથી તેમજ ફરીયાદીને હાલના અરજદાર મળેલ હોય તેવુ પણ જણાતુ નથી. આમ અરજદાર/આરોપી આ ગુનાના મુખ્ય આરોપી નથી અને તેમનો રોલ ગુનામાં મદદગારીનો રહેલ છે. આ કામના સહ–આરોપી કાંતી ગોરધનભાઇ મકવાણાને ફો.પ.અ.નં. ૨૧૩/૨૦૨૬ ના કામે તથા આરોપી આવડાભાઇ દુદાભાઇ ખુંટીને ફો.પ.અ.નં. ૨૧૪/૨૦૨૬ ના કામે રેગ્યુલર જામીન પર મુકત કરવામાં આવેલા છે. જે સહ–આરોપીઓને જામીન મુકત કરવામાં આવેલ છે તે પૈકી સહ–આરોપી કાંતી ગોરધનભાઇ મકવાણાનો રોલ હાલના અરજદાર સમાન છે. અરજદાર/આરોપીએ ફરીયાદી કે સાહેદો પાસેથી કોઇ રકમ

ઓળવી લીધેલાનો આક્ષેપ નથી. આ કામે રજુ થયેલ ફરીયાદી તથા સાહેદોના નિવેદનો વંચાણે લેતાં હાલના અરજદાર/આરોપીએ તેઓ પાસેથી કોઇ નાણા લીધેલ હોય તેવું જણાવેલ નથી. તપાસ કરનાર અમલદારે કરેલા સોગંદનામાં પ્રમાણે અરજદાર/આરોપી જામીન પર મુકત થયે ફરીથી આવા પ્રકારના ગુનાઓ કરશે અને નાશી ભાગી જશે તેવું જણાવેલ છે, જે અંગે યોગ્ય શરતો મુકી શકાય તેમ છે. તપાસ કરનાર અમલદારના સોગંદનામાં મુજબ હાલના અરજદારનો કોઇ ગુનાહીત ઇતિહાસ જણાતો નથી. અરજદાર/આરોપી સામે આક્ષેપિત ગુનાનો પ્રકાર, મહત્તમ સજાની જોગવાઇ તથા તેમનો રોલ ધ્યાને લેતાં અરજદાર/આરોપીને યોગ્ય શરતો હેઠળ જામીન ઉપર મુકત કરવા ન્યાયોચીત જણાતું હોય જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -::હુકમ::-

(૧) અરજદાર/આરોપી સુખાભાઇ જગશીભાઇ માલકીયા, રહે. છાસીયા, તા.જી. રાજકોટનાઓ દવારા બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૨ અન્વયે કરવામાં આવેલી હાલની આગોતરા જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) પોરબંદર જીલ્લાના બગવદર પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ-એ ૧૧૨૧૮૦૦૩૨૬૦૨૬૧/૨૦૨૬, આઇ. પી. સી.ની કલમ ૪૦૬, ૪૨૦, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી) તથા ૧૧૪ મુજબના ગુનાના કામે આરોપી સુખાભાઇ જગશીભાઇ માલકીયાનાઓની ધરપકડ કરવાના પ્રસંગે આરોપી રૂા. ૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) ના જાત મુચરકા તથા તેટલી જ રકમના જામીન આપ્યેથી નીચેની શરતોને આધીન આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

શરતો:-

૧) અરજદાર/આરોપીનાઓએ આ હુકમની તારીખથી દિન-૭ માં સબંધીત પો.સ્ટે.માં હાલના ગુનાની તપાસ કરનાર અમલદાર સમક્ષ હાજર રહેવુ. તથા ત્યારબાદ સદર ગુનાના કામે ચાર્જશીટ થતા સુધી દરેક અંગ્રેજી માસના પ્રથમ સપ્તાહમાં એકવાર પો.સ્ટે. માં હાજરી પુરાવવી અને ચાર્જશીર થયા બાદ તેમની સામે ચાલતા કેસની ટ્રાયલ દરમ્યાન નિયમીતપણે કોર્ટમાં હાજર રહેવું.

૨) અરજદાર/આરોપીનાઓએ ફરીયાદપક્ષના સાહેદોને ધાક ધમકી, લાલચ, પ્રલોભન આપવા–અપાવવા નહી કે ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહી.

૩) અરજદાર/આરોપીનાઓએ કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી આ કોર્ટની પુર્વ પરવાનગી સિ્વાય ભારત દેશની હદ છોડવી નહી.

૪) અરજદાર/આરોપીનાઓએ પોતાના હાલના તથા કાયમી રહેઠાણના સરનામા, મોબાઇલ નંબર અંગેની વિગત જામીન આપતી વખતે રજુ કરવી તથા તેમાં કોઇ ફેરફાર થાય તો તેની લેખીતમાં જાણ ટ્રાયલ કોર્ટને કરવી.

૫) અરજદાર/આરોપીઓ જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે જામીન મુકત થવા બાદ દિન–૭(સાત) માં ટ્રાયલ કોર્ટ સમક્ષ જમા કરવાનો રહેશે અને જો પાસપોર્ટ ન ધરાવતા હોય તો તે અંગેનું સોગંદનામું રજુ કરવું.

૬) અરજદાર/આરોપીનાઓએ ફરીથી આ પ્રકારની કે અન્ય કોઇપણ પ્રકારની ગુનાહીત પ્રવૃતિ આચરવી નહી.

૭) અરજદાર/આરોપીનાઓએ દરેક માસની પહેલી અને પંદરમી તારીખે સંબંધીત પોલીસ સ્ટેશને આ ગુનાનું ચાર્જશીટ રજુ થાય ત્યાં સુધી નિયમીત હાજરી પુરાવવી.

૮) અરજદાર/આરોપીએ જયારે તેમને પોલીસ દવારા બોલાવવામાં આવે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશનમાં અચુકપણે હાજર રહી ગુનાની તપાસમાં સંપુર્ણ સહકાર આપવો.

(૩) અરજદાર/આરોપીએ હુકમ મુજબના જામીન સંબંધીત પોલીસ સ્ટેશનમાં આપવાના રહેશે.

(૪) આ હુકમની જાણ સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી. જરુરી યાદી કરવી.

હુકમ આજરોજ તા.૦૨ મી, માહે જુન, સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : પોબંદર.
તા.૦૨/૦૬/૨૦૨૬

(એમ. એ. ભટ્ટી)
સેશનસ જજ, પોરબંદર.
**(UID NO GJ01506 )**